JINDAL SCHOOL OF HOTEL MANAGEMENT
Hotel Surya Palace, Opp. Parsi Agyari, Sayajigunj, Vadodara-390005 • Ph.: 0265-2225114, 2226000, 9925001751 | E-mail: info@jshm.co.in
www.jshm.co.in હોટેલ મેનેજમેન્ટમાં ડીગ્રી અને ડિપ્લોમા પ્રોગ્રામ્સ | જૂન માટે પ્રવેશ ખુલ્લા છે | યોગ્યતા: 10 + 2 (કોઈપણ પ્રવાહ)
• આંતરરાષ્ટ્રીય સહયોગ અને પ્રેક્ટિસ માટે એક્સપોઝર • અત્યાધુનિક સેન્ટ્રલી એરકન્ડીશન્ડ, Wi-Fi કેમ્પસ
• વિશ્વસ્તરનો ખ્યાતિપ્રાપ્ત અભ્યાસક્રમ • સ્વીસ તથા ભારતની ડબલ ડીગ્રી
• પોસાય તેવું ફીનું માળખું અને શિક્ષણ લોનમાં સહાય • સફળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેસમેન્ટ રેકૉર્ડ અને એન્ટ્રોપ્રેનોર બનવાની તક.
Dr. Babasaheb Ambedkar Open University (Recognized by UGC) COLLEGES SWITZERLAND
ફ્રી કાઉન્સેલીંગ અને એન્ટ્રન્સ એક્ઝામીનેશન માટે સંપર્ક કરો: ૯૯૨૫૦૦૧૭૫૧
એડમિશન ઓપન
• ડ્યૂલ સર્ટિફિકેશન પ્રોગ્રામ (૩ વર્ષ)
BAOU દ્વારા હોટલ અને ટુરિઝ્મ મેનેઝમેન્ટમાં BBA
+
સ્વીટ્ઝર્લેન્ડની સીઝર રીટ્ઝ કૉલેજમાં આગળ ડિગ્રીની તક ઉપલબ્ધ
• ૫ મહિનાનો કાફ્ટમેન કોર્ષ અમેરિકન હોટલ એન્ડ લોજીંગ એસોસીએશન માંથી (અર્ન વ્હાઈલ યુ લર્ન)
• ફ્રન્ટ ઑફિસ • હાઉસ કીપિંગ • એફ એન્ડ બી સર્વિસ
• એફ એન્ડ બી પ્રોડક્શન

• 100 ટકા પરિણામ ધરાવતી 129 અને 10 ટકાથી ઓછું પરિણામ ધરાવતી 141 સ્કૂલો

• પ્રથમ વર્ષ બીકોમની 15 હજારથી વધુ બેઠકો ખાલી રહેવાની સંભાવના

• અંગ્રેજી માધ્યમનું પરિણામ ગત વર્ષ કરતાં વધુ હોવાથી કોલેજોમાં ધસારો વધશે

• એક વિષયમાં 29239, બે વિષયમાં 62790, ત્રણ વિષયમાં 51640 નાપાસ

# માતૃભાષા ગુજરાતીમાં 70 હજાર વિદ્યાર્થીઓ નાપાસ

## પાયો નબળો | અંગ્રેજીમાં 1.68 લાખ, એકાઉન્ટ્સમાં 73 હજાર અને ઇકોનોમિક્સમાં 65 હજાર વિદ્યાર્થીઓ નાપાસ થયા



શનિવારે ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આવતાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરનારા તેજસ્વી તારલાઓએ પાલડી સંસ્કાર કેન્દ્ર એકઠા થઈ સફળતાની ઉજાણી કરી હતી.

## મેનેજમેન્ટમાં કરિયર બનાવવા માટે ધસારો થાય તેવી શક્યતા

એજ્યુકેશન રીપોર્ટર, અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર કરવામાં આવેલા ધો.12 સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરીણામનું વિશ્લેષણ કરતાં ચોંકાવનારી વિગત બહાર આવી છે કે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષા ગુજરાતીમાં જ બહુ નબળા છે અમને 70 હજારથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ગત વર્ષે ગુજરાતીમાં માત્ર 15954 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ ઉપરાંત ઈંગ્લીશમાં પણ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ નબળા છે અને તેમાં 1.68 લાખથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ગત વર્ષે ઈંગ્લીશમાં 100198 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા.

આ ઉપરાંત એકાઉન્ટસ વિષયમાં 73,706 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે અને ગત વર્ષે 53982 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ વર્ષે ઈકોનોમિક્સમાં 65263 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે અને ગત વર્ષે 27191 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. સ્ટેટેસ્ટીક્સમાં 60054 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે જે ગત વર્ષે 20682 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. વાણીજ્ય વ્યવસ્થા વિષયમાં આ વર્ષે 39877 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે જોકે ગત વર્ષે 14326 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. દેવોની ભાષા સંસ્કૃતમાં 75686 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે જે ગત વર્ષે માત્ર 6615 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ ઉપરાંત આ વર્ષે ફીલોસોફીમાં 53192, સોશ્યોલોજીમાં 25286, સાયકોલોજીમાં 48778, ભૂગોળમાં 47577 અને કમ્પ્યુટરમાં 15025 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

કોઈ એક વિષયમાં આ વર્ષે 29239 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આ ઉપરાંત બે વિષયમાં 62790 અને ત્રણ વિષયમાં 51640 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

### 35072 રિપીટર ફરીવાર નાપાસ

**ગત** માર્ચ 2015 દરમિયાન લેવામાં આવેલી ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરીક્ષાના જાહેર પરિણામમાં કુલ 35072 રિપીટર વિદ્યાર્થીઓ ફરીવાર નાપાસ થયા છે. કુલ મળીને 65694 વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવા માટે બેઠા હતા. જે પૈકીના 30,892 વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં પાસ થયા છે, જ્યારે 35072 વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં નાપાસ થયા છે.આ વિદ્યાર્થીઓને ફરી એકવાર પરીક્ષા આપવી પડશે.

### એક વિદ્યાર્થી દસેય વિષયમાં નાપાસ

શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિણામ અંતર્ગત દસે-દસ વિષયોની પરીક્ષામાં નાપાસ થનાર એક વીરલો બોર્ડ પાસે હોવાની વિગતો મળી છે. જ્યારે નવ વિષયોની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા 163ની છે. બીજી તરફ આઠ વિષયોની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 263ની હોવાની વિગતો મળી છે.

## રિઝલ્ટ | મુખ્ય વિષયોમાં વિદ્યાર્થીઓ ધોવાયા

ધોરણ 12 સામાન્ય પ્રવાહના તમામ મુખ્ય વિષયોમાં વિદ્યાર્થીઓ ઓછો સ્કોર કરી શક્યા છે જેના કારણે ગત વર્ષની સરખામણીમાં કુલ રિઝલ્ટમાં 11 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

### • તમામ કોમન પેપર્સમાં ઓછું પરિણામ

**કોમન પેપર્સ** ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં કોમન પેપર્સ ગણાતા તમામ મુખ્ય વિષયમાં પરિણામ ગત વર્ષની સરખામણીએ ઓછું આવ્યું છે. જેની અસર કુલ રિઝલ્ટ પર પડી છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • એકાઉન્ટ્સ | 69.92% | 76.96% | -7.04% |

**ઓછી રુચી** | પ્રશ્નપત્ર સરળ હતું પરંતુ વિદ્યાર્થીઓએ ક્લેટ સહીત સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી પાછળ વધારે ફોકસ કરતાં એકાઉન્ટ્સની તૈયારીમાં ઓછી રુચી દર્શાવી છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • સ્ટેટેસ્ટિક્સ | 71.65% | 89.81% | -18.16% |

**મેથેમેટિકલ અને લોજીકલ ક્ષમતામાં ઘટાડો** | પેપર ખુબ જ સરળ હતું પરંતુ વિદ્યાર્થીઓના મેથેમેટિકલ અને લોજીકલ ક્ષમતામાં ઘટાડો થયો હોવાથી પરિણામમાં ઘટાડો જોવા મળ્યો છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • વા. વ્યવસ્થા | 83.39% | 93.63% | -10.24% |

**ક્રિકેટ અને સીસીટીવીની અસર** | પરીક્ષાના દિવસોમાં ક્રિકેટ વર્લ્ડ કપની મેચો અને સીસીટીવી કેમેરાનેં લીધે વિદ્યાર્થીઓમાં વધુ પડતી સભાનતાના કારણે પરિણામ ઘટ્યું છે.

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • ઇકોનોમિક્સ | 79.50% | 91.72% | -12.22% |

**લાંબુ લખાણ અને અઘરા હેતુલક્ષી પ્રશ્નો** | પેપરમાં લાંબુ લખાણ લખવા ઉપરાંત હોંશિયાર વિદ્યાર્થીઓ પણ 20 માર્ક્સના હેતુલક્ષી પ્રશ્નો અઘરા પડતાં પુરેપુરા માર્ક્સ મેળવી શક્યા નથી.

**વૈકલ્પિક પેપર્સ** કમ્પ્યૂટર વિષયમાં મેળવેલા માર્ક્સની ગણતરી પ્રવેશ પ્રક્રિયા વખતે થતી નથી તેથી વિદ્યાર્થીઓ તેના પર ખાસ ધ્યાન આપતાં નથી .

| વિષય | રિઝલ્ટ 2015 | રિઝલ્ટ 2014 | તફાવત |
|---|---|---|---|
| • કમ્પ્યૂટર | 87.79% | 87.74% | +0.05% |

**પેપર સરળ પૂછાયું** | કમ્પ્યૂટરનુ પેપર જૂના કોર્સનું પુછાતા ફરીથી પરીક્ષા લેવાઈ જેમાં સરળ પેપર પૂછાતાં ગત વર્ષની સરખામણીમાં 0.05 ટકા વધુ પરિણામ આવ્યું છે.

### • અમદાવાદ શહેરમાં એ-1 ગ્રેડમાં 59 વિદ્યાર્થીઓ

| જિલ્લા | એ-1 | એ-2 | બી-1 | બી-2 | સી-1 | સી-2 | ડી | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેર | 59 | 1307 | 3034 | 4408 | 5911 | 6223 | 5195 | 70.29 |
| ગ્રામ્ય | 14 | 423 | 1291 | 2279 | 3497 | 4103 | 3734 | 62.70 |
| કુલ | 73 | 1730 | 4325 | 6687 | 9408 | 10326 | 8929 | 66.49 |

**પરિણામમાં અમદાવાદ શહેરે ગ્રામ્યને પછાડ્યું** | અમદાવાદ શહેરની શાળાઓનું પરિણામ ગ્રામ્યની તુલનામાં સારું આવ્યું છે. એ-1 ગ્રેડ મેળવવામાં શહેરના વિદ્યાર્થીઓએ બાજી મારી છે.

### એ-1 ગ્રેડમાં અમદાવાદ અવ્વલ

રાજ્યમાં એ-1 ગ્રેડમાં પાસ થનાર વિદ્યાર્થિઓમાં સૌથી વધુ અમદાવાદના છે. જ્યારે 12 સાયન્સ બાદ 12 કોમર્સમાં પણ વડોદરા એ-1 ગ્રેડ મેળવવામાં સૌથી પાછળ રહ્યું છે.




### • 12 કોમર્સમાં પણ છોટા ઉદેપુર છેલ્લે




### • છોકરીઓ અગ્રેસર

છોકરાઓ 46.66% | છોકરીઓ 67.97%

### • એલિસબ્રિજ આગળ...




### વિષયવાર પાસ-નાપાસ વિદ્યાર્થીઓ

• નાપાસ • પાસ

| અર્થશાસ્ત્ર | સ્ટેટેસ્ટિક્સ | એકાઉન્ટ્સ | કમ્પ્યુ.(થીયરી) |
|---|---|---|---|
| 65263 | 60054 | 73706 | 15025 |
| 253159 | 151802 | 171321 | 108024 |

| ગુજરાતી(પ્ર.ભા.) | વા.વ્યવસ્થા | સંસ્કૃત | ઇંગ્લીશ(દ્વી.ભા.) |
|---|---|---|---|
| 70914 | 39877 | 75686 | 168736 |
| 346527 | 200203 | 126215 | 314944 |

• અંગ્રેજી માધ્યમ | 83.72% • ગુજરાતી માધ્યમ | 53.09%

### જિલ્લાવાર પાસ

| જિલ્લો | વિદ્યાર્થી |
|---|---|
| અમદાવાદ(શ) | 26178 |
| અમદાવાદ(ગ્રા) | 15371 |
| અમરેલી | 6980 |
| ભૂજ-કચ્છ | 9042 |
| ખેડા | 4892 |
| જામનગર | 6969 |
| જૂનાગઢ | 13056 |
| ડાંગ | 1185 |
| પંચમહાલ | 4423 |
| બનાસકાંઠા | 14558 |
| ભરૂચ | 5507 |
| ભાવનગર | 13606 |
| મહેસાણા | 10350 |
| રાજકોટ | 21395 |
| વડોદરા | 11240 |
| વલસાડ | 7001 |
| સાબરકાંઠા | 6134 |
| સુરત | 32516 |
| સુરેન્દ્રનગર | 7780 |
| આણંદ | 6838 |
| પાટણ | 5714 |
| નવસારી | 7360 |
| દાહોદ | 4272 |
| પોરબંદર | 3357 |
| નર્મદા | 1646 |
| ગાંધીનગર | 8597 |
| તાપી | 4020 |
| અરવલ્લી | 4508 |
| બોટાદ | 3430 |
| છોટા ઉદેપૂર | 1377 |
| દ્વારકા | 2703 |
| ગીર સોમનાથ | 8672 |
| મહીસાગર | 3150 |
| મોરબી | 4481 |

### ગ્રેડવાર વર્ષવાર વિદ્યાર્થીઓ

| ગ્રેડ | 2015 | 2014 |
|---|---|---|
| A1 | 256 | 158 |
| A2 | 6614 | 8289 |
| B1 | 21226 | 48741 |
| B2 | 42794 | 98832 |
| C1 | 68838 | 98619 |
| C2 | 82210 | 43824 |
| D | 68594 | 33046 |

### વિષયવાર નાપાસ

| વિષય | વિદ્યાર્થી |
|---|---|
| 1 | 29239 |
| 2 | 62790 |
| 3 | 51640 |
| 4 | 38558 |
| 5 | 28517 |
| 6 | 18876 |
| 7 | 15338 |
| 8 | 263 |
| 9 | 163 |
| 10 | 1 |

### પર્સેન્ટાઇલ રેન્ક મુજબ વિદ્યાર્થીઓ

| રેન્ક | બી ગ્રુપ |
|---|---|
| 99થી વધુ | 4540 |
| 98થી વધુ | 8977 |
| 96થી વધુ | 17956 |
| 94થી વધુ | 27087 |
| 92થી વધુ | 35678 |
| 90થી વધુ | 44454 |
| 80થી વધુ | 89234 |
| 70થી વધુ | 133993 |
| 60થી વધુ | 177652 |
| 50થી વધુ | 22578 |
| 40થી વધુ | 66402 |
| 30થી વધુ | 311217 |
| 20થી વધુ | 56470 |
| 00થી વધુ | 444866 |

### ગુજરાતી માધ્યમમાં બેઠકો ખાલી રહેશે

## અંગ્રેજી માધ્યમમાં મેરિટ ત્રણ ટકા ઊંચું અને ગુજરાતી માધ્યમમાં પાંચ ટકા નીચું જશે

એજ્યુકેશન રીપોર્ટર.અમદાવાદ.

ધોરણ 12 સામાન્ય પ્રવાહના 54.98 ટકા જાહેર કરાયેલા પરિણામ અંતર્ગત અંગ્રેજી માધ્યમનુ પરિણામ 83.72 ટકા આવ્યુ છે. બીજી તરફ ગુજરાતી માધ્યમનુ 53.09 ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત આ પરિણામમાં અમદાવાદ સિટી અને અમદાવાદ રૂરલ વિસ્તારના પરિણામમાં ગત વર્ષની તુલનાએ 5692 વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. જેના કારણે પ્રથમ વર્ષ બીકોમ વિદ્યાશાખાની શહેર વિસ્તારની અંગ્રેજી માધ્યમની કોલેજોમાં અંદાજે ત્રણેક ટકા પ્રવેશ મેરિટ ઊચુ જવાની સંભાવના છે. જયારે ગુજરાતી માધ્યમન કોલેજોમાં પાંચ ટકા પ્રવેશ મેરિટ નીચુ જવાની શકયતા છે. જ્યારે ગુજરાતી માધ્યમની ઓછી જાણીતી કોલેજોમાં નોંધપાત્ર બેઠકો ખાલી રહેવાની શક્યતા પ્રવેશ કમિટીના સત્તાવાળાઓએ વ્યક્ત કરી છે.આ ઉપરાંત ઓછા પરિણામને કારણે ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ વર્ષ બીકોમની 7200થી વધુ બેઠકો ખાલી રહેવાની સંભાવના છે.

### ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મેરિટમાં પાંચ ટકા ઘટી શકે

**ધોરણ** 12 સામાન્ય પ્રવાહ અંગ્રેજી માધ્યમનુ પરિણામ ઉચુ આવ્યુ હોવાથી અંગ્રેજી માધ્યમની કોલેજોમાં પ્રવેશ માટે ધસારો વધવાથી પ્રવેશ મેરિટમાં ત્રણ ટકાનો વધારો થવાની સંભાવના છે. બીજી તરફ ગુજરાતી માધ્યમનુ પરિણામ ઓછુ આવ્યુ હોવાથી જાણીતી ગુજરાતી માધ્યમની કોલેજોમા પ્રવેશ મેરીટમાં પાંચ ટકાનો ઘટાડો જોવા મળે તેવી પ્રબળ શક્યતા છે.

### બીકોમની બેઠકો ખાલી રહેશે, બીબીએમાં ધસારો

**શિક્ષણ** જગત સાથે સંકળાયેલા નિષ્ણાતો પાસેથી મળતી માહિતી મુજબ રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલ પ્રથમ વર્ષ બીકોમની આશરે 50,000થી વધુ બેઠકો આવેલી છે. બીજી તરફ ધોરણ 12 સામાન્ય પ્રવાહના પરિણામમાં ઘટાડો નોંધાયો છે. જેના કારણે ગુજરાત યુનિવર્સિટીની બેઠકોની સાથે સાથે રાજ્યની પ્રથમ વર્ષ બીકોમ કોલેજોની 15 હજારથી વધુ બેઠકો ખાલી રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. બીજી બાજુ બીબીએ-બીસીએ વિદ્યાશાખાની કોલેજોમાં મેનેજમેન્ટમાં કેરીયર બનાવવા ઉત્સુક વિદ્યાર્થીઓ ભારે ધસારો કરે તેવી પ્રબળ શક્યતા છે. બીબીએ-બીસીએ વિદ્યાશાખાની લગભગ 3000 જેટલી બેઠકો પર પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ભારે રસ દાખવશે.

### પ્લાનિંગ | 12 કોમર્સ બાદ કરિયરના વિકલ્પ

## વિદ્યાર્થીને ગોલ્ડન કરિયરની ગેરેન્ટી આપતા ત્રણ કોર્સ

ગુજરાત યુનિવર્સિટિ B.com, BBA, BCA પ્રવેશ કમિટીના કોઓર્ડિનેટર **ડો. સૌરભ ચોક્સી**એ ધોરણ 12 બાદ ગોલ્ડન કરિયરની ગેરેન્ટી આપતા ત્રણ કોર્સની જાણકારી આપી હતી.

એજ્યુકેશન રિપોર્ટર.અમદાવાદ.



ડો. સૌરભ ચોક્સી

ધો. 12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ટ્રેડિશનલ કોર્સીસ, બી.કોમ., બી.બી.એ., બી.સી.એ. ઉપરાંત કેન્દ્ર સરકાર માન્ય ત્રણ વ્યવસાયી કોર્સમાં પણ પ્રવેશ મેળવી શકાય છે. જેમાં મુખ્યત્વે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા ચલાવાતા સી.એ.નો કોર્સ છે, આ કોર્સના સી.પી.ટી. (પ્રવેશ કોર્સ) ધો. 12 પછી મેળવી શકાય છે. આ કોર્સ કર્યા પછી 4 થી 5 લાખ સુધીના પેકેજની નોકરી મળી શકે છે. દ્વિતીય કોર્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી દ્વારા ચાલતો કંપની સેક્રેટરી (સી.એસ.)નો કોર્સ છે. ધો. 12ના વિદ્યાર્થી ફાઉન્ડેશન કોર્સમાં જોડાઈ શકે છે. આ કોર્સ પાસ કરી 4થી 5 લાખના પેકેજથી નોકરી પણ પ્રાપ્ત કરી શકે છે. તૃતિય કોર્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ દ્વારા ચાલતો ICWAનો કોર્સ છે, આ કોર્સમાં ધો. 12 પછી એન્ટ્રન્સ કોર્સમાં જોડાઈ આ ડિગ્રી પ્રાપ્ત કરી શકાય છે. આ કોર્સ બાદ 4થી 5 લાખની શરૂઆતથી જ નોકરી પ્રાપ્ત કરી શકાય છે. ઉપરોક્ત ત્રણ વ્યવસાયિક ડિગ્રી ઉપરાંત જનરલ નર્સિંગ (GNM) કોર્સ કરી નર્સિંગમાં અને પરફોર્મિંગ આર્ટ્સની ડિગ્રી મેળવી જુદીજુદી ટી.વી. ચેનલ તેમ જ મીડિયામાં ખૂબ સારી નોકરી મેળવી શકે છે.

## રાજ્યમાં શિક્ષણની કથળી રહેલી સ્થિતિ તાત્કાલિક સુધારવી જરૂરી

**હાલ રાજ્યની મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ વિદ્યા સહાયકોના ભરોસે રગશિયા ગાડાની જેમ ચાલે છે. આ સ્થિતિમાં સુધારો લાવવા સરકારે તાકીદે પગલાં લેવા જોઈએ અને શિક્ષણની સ્થિતિ સુધારવી જોઈએ.**

### હવે કયો રસ્તો? | ગુણવત્તાશીલ ટીચર્સની ભરતી કરો

1. ફેલ સ્ટુડન્ટ માટે તાત્કાલિક કોચિંગની વ્યવસ્થા કરાવવી જોઈએ.
2. ધોરણ સુધારવા લાંબા ગાળાના ઉપાયો રૂપે નવા ટીચર્સની તાકીદે ભરતી.
3. વિદ્યાર્થીઓ વચ્ચે આંતરિક સ્પર્ધાત્મકતાને વધારવી જોઈએ.
4. ગુજરાત શિક્ષણ બોર્ડનું સ્ટાન્ડર્ડ સુધારવું અત્યંત જરૂરી.

### ભાસ્કર એક્સપર્ટ પેનલ



**હેતલ શેઠ** એકાઉન્ટ્સ વિષયના નિષ્ણાત



**રાજેન્દ્ર ઉપાધ્યાય** ઇકોનોમિક્સ અને વા. વ્યવસ્થાના નિષ્ણાત



**નિષિત શાહ** સ્ટેટેસ્ટિક્સ વિષયના નિષ્ણાત



**તેજસ ઠક્કર** કમ્પ્યૂટર વિષયના નિષ્ણાત

વિવિધ વિષયના આ નિષ્ણાતોએ દિવ્ય ભાસ્કરના આમંત્રણથી ધોરણ 12 સામાન્ય પ્રવાહના પરિણામનું આ ડિકોડિંગ કર્યું છે.